# અક્રમ યુથ

ફેબ્રુઆરી ૨૦૨૦ ગુજરાતી

દાદા ભગવાન પરિવાર

₹ 20



કોઈપણ ઉપદેશક, સાધુ-સાધ્વી કે આચાર્યનો અવર્ણવાદ, અપરાધ, અવિનય ન કરાય.

The power of 9 series 3

The Augmented Reality Magazine

For details, visit page 24

# અનુક્રમણિકા


04 ત્રીજી કલમનું મહત્ત્વ-૨

06 પરિચય

08 દાદાશ્રીના પુસ્તકની ઝલક

11 જાદુગર અને સાધુ

14 વિરાધનાનું પરિણામ

15 બૂમરેંગ

16 જ્ઞાની વિથ યુથ

18 પૂજ્યશ્રી... સાથે ધર્મગુરુઓ

20 અનુભવોની આપ-લે

22 #કવિતા



વર્ષ: ૭, અંક : ૧૦
સળંગ અંક : ૮૨
ફેબ્રુઆરી ૨૦૨૦



**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦

email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth



**તંત્રી -** ડિમ્પલ મહેતા

**Printer & Published by**
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gandhinagar

**Owned by**
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gandhinagar

**Published at**
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gandhinagar

**Printed at : Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025. Gujarat.

Total 24 Pages with Cover page

**Subscription**
Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds
5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds
In India, D.D. / M.O. should be drawn
in favour of "Mahavideh Foundation"
payable at Ahmedabad.



© 2020, Dada Bhagwan Foundation.
All Rights Reserved

View this page
in AR App



# સંપાદકીય

પ્રિય મિત્રો,

આ આપણો ''ભાવના સુધારે ભવો ભવ'' શૃંખલાનો ત્રીજો અંક છે અને મને ખાતરી છે કે મારી જેમ તમે પણ પરમ પૂજ્ય દાદા ભગવાનની નવ કલમો રોજ બોલવાની શરૂ કરી જ દીધી હશે અને તેનાથી ઘણી હળવાશ પણ અનુભવાતી હશે. આપણે કોઈ પણ વ્યક્તિના અહમ્ અથવા વિવિધ ધર્મ સંબંધી થઈ જતા દોષો અને આવા દોષો ન થાય તે માટે જાગૃતિ રાખવાની સમજણ છેલ્લા બે અંકોમાં મેળવી. હવે આ અંકમાં ત્રીજી કલમ વિષે વિગતવાર સમજીએ જેમાં દાદા ભગવાને ધર્મગુરુઓ માટે થઈ જતી અવળી ભાવનાઓ સામે શક્તિઓ માંગવા કહ્યું છે.

દરેકને પોતે જે વ્યૂ-પોઈન્ટ ઉપર ઉભો છે તે જ વ્યૂ-પોઈન્ટ સાચો લાગે છે. હવે પોતે એને સાચું માને છે ત્યાં સુધી વાંધો નથી પણ તે બીજા બધા વ્યૂ-પોઈન્ટવાળાને ખોટા માને છે અને તેનાથી દોષમાં પડે છે. બાલમંદિરથી પી.એચ.ડી. સુધીના અભ્યાસક્રમમાં દરેક વર્ષે ગુરુ બદલાતા જ હોય છે ને? આપણે કયા ધોરણને ખોટું ગણી શકાય? હવે જો ધોરણ ખોટું નથી તો તેના ગુરુ પણ શી રીતે ખોટા ગણાય?

દાદા ભગવાને આપણાથી બે ડિગ્રી ઉંચા હોય તેમનો પણ વિનય રાખવા કહ્યું છે. આપણો ભાવ પણ છે કે વિનયમાં રહેવું જ છે છતા પણ આવા દોષો કઈ રીતે થઈ જતા હોય છે તેની છણાવટ આ અંકમાં આવરી લેવાઈ છે જે આપ સૌને ઉપયોગી નીવડશે એવો મને વિશ્વાસ છે.

જય સચ્ચિદાનંદ...

- ડિમ્પલ મહેતા

# કલમ-3

**"હે દાદા ભગવાન ! મને કોઈપણ દેહધારી, ઉપદેશક, સાધુ-સાધ્વી કે આચાર્યનો અવર્ણવાદ, અપરાધ, અવિનય ન કરવાની પરમ શક્તિ આપો."**

# ત્રીજી કલમનું મહત્ત્વ

તમને થતું હશે કે શા માટે અહીં ત્રીજી કલમ લખી હશે?

તો મિત્રો, એટલા માટે લખી છે કે આપણા બધાથી આપણા જીવનકાળમાં ક્યારેક ને ક્યારેક જાણતાં- અજાણતાં કોઈ સાધુ-સંતનું અપમાન થઈ ગયું હશે. અથવા આપણા મિત્રો, કુટુંબના સભ્ય કે અન્ય સાથેની વાતચીત દરમિયાન કોઈ ઉપદેશક અથવા સંતોની ટીકા થઈ ગઈ હશે. જેના આપણને ભયંકર ગુનાઓ ચોંટે છે.

આ અંકમાં આપણાથી થયેલા આવા પ્રકારના ગુનાઓમાંથી છૂટવાની ચાવીઓ મળી જશે.

પૂજ્ય દાદાશ્રીએ કહ્યું છે, જો તમારે પ્રગતિ કરવી હોય તો, તમે પ્રતિજ્ઞા લો કે તમે ક્યારેય કોઈ સાધુ-સાધ્વી-સંત કે

View this page
in AR App

ઉપદેશકની ટીકા, અપરાધ, અપમાન કે અવિવેક નહિ કરો.

જો આને તમારા જીવનના પાયાનો નિયમ બનાવી દેશો, તો તમારી પ્રગતિના માર્ગમાં ક્યારેય અવરોધ નહિ આવે.

દાદાશ્રી આગળ કહે છે કે, કોઈ સંત પુરુષ માટે એક અવિચારી શબ્દ પણ બોલવો એ ભયંકર જોખમી છે.

આવા પાપોને ધોવા, દાદાએ આપણને માર્ગ બતાવ્યો છે અને એ માર્ગ છે : દરરોજ ત્રીજી કલમ બોલીને શક્તિઓ માંગવી. જે નિયમિતપણે કરવાથી આપણા આચરણમાં પણ આવશે. અને આપણા ભૂતકાળના કર્મો ધોવાઈ જશે અને અનંત શક્તિઓ પ્રગટ થશે.

**તો ચાલો, બગડ્યું તેને સુધારીએ.**
**અમારો અનુરોધ છે કે આ બોધ તમે તમારા મિત્રો અને કુટુંબીજનોને પણ પહોંચાડશો.**



# પરિચય

શું તમે જાણો છો કે સાધુ-સાધ્વી, ઉપદેશક, આચાર્ય એ માત્ર સમાનાર્થી શબ્દો નથી? તેઓ પોતાના આચરણ અને ક્રિયાના આધારે એકબીજાથી ભિન્ન છે. અહીં આપણે તેઓનો પરિચય મેળવીએ.

## આચાર્ય

અરિહંત ભગવાને કહેલા આચાર જે પાળે છે અને સહુ પાસે તેવા આચાર પળાવે છે તેઓને આચાર્ય કહેવાય છે. આચાર્યોએ આત્મા પ્રાપ્ત કર્યો હોય છે. કોઈપણ સંજોગોમાં આચાર્ય સંયમી હોય છે. તેઓને કોઈપણ પ્રકારના સંસારી સુખની ઈચ્છા હોતી નથી અને તેઓ વીતરાગોએ બતાડેલા મોક્ષ માર્ગ પર જ ચાલતા હોય છે.



View this page in AR App



# ઉપદેશક

જેઓને આત્મા પ્રાપ્ત
થઈ ગયો છે અને
જેઓ પોતે આત્મા
જાણ્યા પછી બધાં
શાસ્ત્ર ભણે ને પછી
બીજાને ભણાવડાવે.

# સાધુ

આત્મદશા સાધે એ
સાધુ. એટલે
સંસારદશા-
ભૌતિકદશા નહીં,
પણ આત્મદશા સાધે
એ. તેઓ ભલે ભિન્ન
છે પણ તેમનું લક્ષ્ય
એક જ છે.
આપણાથી ખૂબ ઊંચી
દશામાં વિચરતા તેઓ
પૂજનીય છે.



View this page
in AR App

# દાદાશ્રીના પુસ્તકની ઝલક



જેમ છે એમ ચીતરીએ અને ખોટાને ખોટો બોલીએ અને સારાને સારો બોલીએ, તો અવર્ણવાદ ના કહેવાય. પણ બધું જ ખોટું બોલીએ ત્યારે અવર્ણવાદ કહેવાય.

**અવર્ણવાદ, અપરાધ, અવિનય...**

**પ્રશ્નકર્તા :** ૩. 'હે દાદા ભગવાન! મને કોઈપણ દેહધારી ઉપદેશક, સાધુ, સાધ્વી, આચાર્યનો અવર્ણવાદ, અપરાધ, અવિનય ન કરવાની પરમ શક્તિ આપો.' આમાં જે અવર્ણવાદ શબ્દ છે ને, એનો 'એક્ઝેક્ટ' મિનીંગ શું છે ?

**દાદાશ્રી :** કોઈ પણ રસ્તે જેમ છે તેમ નહીં ચીતરવું પણ ઊંધું ચીતરવું, એ અવર્ણવાદ ! જેમ છે એમેય નહીં ને એથી ઊંધું પાછું. જેમ છે એમ ચીતરીએ અને ખોટાને ખોટો બોલીએ અને સારાને સારો બોલીએ, તો અવર્ણવાદ ના કહેવાય. પણ બધું જ ખોટું બોલીએ ત્યારે અવર્ણવાદ કહેવાય. કોઈ માણસમાં થોડું સારું હોય કે ના હોય ? ને થોડું અવળુંયે હોય. પણ એનું બધું જ અવળું બોલીએ, ત્યારે પછી એ અવર્ણવાદ કહેવાય. 'આવી બાબતમાં જરા એવા, પણ આ બીજી બાબતમાં બહુ સારા', એવું હોવું જોઈએ

**પ્રશ્નકર્તા :** અવિનય અને વિરાધના વિશે જરા સમજાવો.

**દાદાશ્રી :** અવિનય એ વિરાધના ના ગણાય. અવિનય એ તો નીચલું સ્ટેજ છે અને વિરાધના તો, પદ્ધતિસર સામો થયો કહેવાય. અવિનય એટલે મારે કંઈ લેવાદેવા નહિ, એવું. વિનય ના કરે, તેનું નામ અવિનય.


**પ્રશ્નકર્તા :** અપરાધની ડેફિનેશન શી છે ?

**દાદાશ્રી :** વિરાધના એ ઇચ્છા વગર થાય અને અપરાધ ઇચ્છાપૂર્વક થાય.

**પ્રશ્નકર્તા :** એ કઈ રીતે થાય, દાદા ?

**દાદાશ્રી :** તંતે ચઢ્યો હોય તો એ અપરાધ કરી બેસે. જાણે કે અહીં વિરાધના કરવા જેવું નથી છતાં વિરાધના કરે. જાણે છતાં વિરાધના કરે એ અપરાધમાં જાય. વિરાધનાવાળો છૂટે, પણ અપરાધવાળો ના છૂટે. બહુ તીવ્ર ભારે અહંકાર હોય, તે અપરાધ કરી બેસે. એટલે આપણે પોતાની જાતને કહેવું પડે કે, 'ભાઈ, તું તો ગાંડો છે. અમથો પાવર લઈને ચાલે છે. આ તો લોક નથી જાણતા પણ હું જાણું છું કે તું કેવો છે ? તું તો ચક્કર છે.' આ તો આપણે ઉપાય કરવો પડે. પ્લસ અને માઈનસ કરવું પડે, એકલા ગુણાકાર હોય તો ક્યાં પહોંચે ? એટલે આપણે ભાગાકાર કરવા. સરવાળા-બાદબાકી નેચરને આધીન છે, જ્યારે ગુણાકાર-ભાગાકાર મનુષ્યના હાથમાં છે. આ અહંકારથી સાતનો ગુણાકાર થતો હોય તો સાતથી ભાગી નાખવાનો એટલે નિ:શેષ !






View this page
in AR App

# સમર કેમ્પ - 2020

| સેન્ટર | Group A<br>૧૩ થી ૧૬ વર્ષ ભાઈઓ | સંપર્ક નંબર | Group B<br>૧૩ થી ૧૬ વર્ષ બહેનો | સંપર્ક નંબર |
|---|---|---|---|---|
| સીમંધર સીટી | ૨૫,૨૬ એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ | ૧૮,૧૯ એપ્રિલ | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ |
| અમદાવાદ | ૨૬ એપ્રિલ અને ૧૭ મે | ૯૮૨૫૪૩૦૮૦૬ | ૧૮,૧૯ એપ્રિલ | ૯૭૨૪૯૪૫૦૧૦ |
| આણંદ | NA | NA | ૧૯ એપ્રિલ | ૯૪૦૯૪૦૨૧૫૮ |
| નડિયાદ | NA | NA | | |
| બરોડા | ૨૫,૨૬ એપ્રિલ | ૯૦૩૩૫૧૪૭૪૯ | 30,31 મે | ૯૬૨૪૮૫૨૬૦૨ |
| ભરૂચ | NA | NA | ૨૫,૨૬ એપ્રિલ | ૯૪૨૭૧૦૫૪૪૩ |
| અંકલેશ્વર | NA | NA | ૨૫,૨૬ એપ્રિલ | ૯૦૫૪૦૩૦૪૭૦ |
| સુરત | ૨૫,૨૬ એપ્રિલ | ૭૩૫૯૯૮૮૪૬૫ | ૨૫,૨૬ એપ્રિલ | ૯૬૦૧૨૯૧૦૨૪ |
| મુંબઈ | ૧,૨,3 મે | ૯૮૨૦૨૧૫૯૧૨ | ૧,૨ મે | ૯૯૮૭૮૮૫૨૭૩ |
| ભુજ | ૧૯ એપ્રિલ | ૯૭૨૬૭૯૬૨૪૪ | ૨૫,૨૬ એપ્રિલ | ૯૪૨૭૧૭૧૯૭૬ |
| ગાંધીધામ | ૧૯ એપ્રિલ | ૭૦૧૬૨૮૨૬૬૪ | NA | |
| ધોરાજી | NA | NA | NA | |
| જેતપુર | ૨૬ એપ્રિલ | ૯૮૯૮૦૨૪૦૩૬ | ૨૯,30 એપ્રિલ | ૯૧૭૩૬૭૪૪૦૪ |
| રાજકોટ | ૧૬-૧૭ મે | ૯૮૨૫૩૧૭૬૦૭ | ૧૪,૧૫ મે | ૭૯૯૦૯૬૭૬૧૨ |
| મોરબી | NA | NA | ૧૭ મે | ૯૬૩૮૪૯૦૦૨૩ |
| સુરેન્દ્રનગર | ૧૯ એપ્રિલ | ૯૯૯૮૧૭૭૮૧૩ | ૧૮,૧૯ એપ્રિલ | ૯૭૨૬૧૦૮૪૩૪ |
| જામનગર | ૨૬ એપ્રિલ | ૯૪૨૮૩૧૫૧૦૯ | 30,31 મે | ૯૭૨૩૧૪૭૩૧૮ |
| વેરાવળ | ૨૬ એપ્રિલ | ૯૩૭૪૧૭૮૯૫૧ | ૧૯ એપ્રિલ | ૯૬૩૮૯૦૪૮૨૦ |
| ભાવનગર | ૨૭ એપ્રિલ | | ૨૭ એપ્રિલ | ૯૯૨૪૩૪૪૪૨૫ |
| મહેસાણા | ૨૬ એપ્રિલ | ૯૯૨૫૬૭૮૮૫૪ | ૧૬ મે | ૯૮૨૪૯૨૯૭૮૨ |
| પાલનપુર | ૨૬ એપ્રિલ | ૯૪૨૯૨૯૦૭૯૫ | | |
| રાજુલા | ૨૫,૨૬ એપ્રિલ | ૯૮૨૪૧૬૪૯૪૧ | | |
| અમરેલી | ૨૫,૨૬ એપ્રિલ | ૭૬૯૮૦૨૫૨૦૬ | NA | |
| | Group E<br>17 થી 21 વર્ષ બહેનો | | Group F<br>17 થી 21 વર્ષ ભાઈઓ | |
| સીમંધર સીટી | 3,4,5 મે | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ | 1,2,3 મે | ૦૭૯-૩૯૮૩૦૯૩૯ |

૧. સમરકેમ્પમાં ભાગ લેવા માટે આપના નજીકના સેન્ટર પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન ચાર્જ નોન રિફંડેબલ રહેશે.

૨. રજીસ્ટ્રેશન માટે બાળક/યુવાનની ઉંમર અને ધોરણ પ્રમાણે જે વિભાગો પાડીને તારીખો નક્કી થઈ છે તે મુજબ થશે. જે તે સમર કેમ્પની તારીખના ૭ દિવસ અગાઉ રજીસ્ટ્રેશન બંધ કરવામાં આવશે. ત્યારબાદ રજીસ્ટ્રેશન માટે તત્કાલ ચાર્જ લેવામાં આવશે.

3. સીમંધર સીટી સમરકેમ્પ માટે રજીસ્ટ્રેશન ત્રીમંદિર સંકુલના '**સ્ટોર ઓફ હેપ્પીનેસ**' પર સવારે ૯:30 થી બપોર ૧૨, સાંજે ૪ થી ૭ દરમ્યાન જે તે સમરકેમ્પના ૫ દિવસ અગાઉ સુધી રૂબરૂ થઈ શકશે. આ રજીસ્ટ્રેશન ૧૫ માર્ચથી શરૂ થશે. **સંપર્ક સૂત્ર** ૦૭૯-૩૯૮૩૦૯૩૯

for Online Registration, visit youth.dadabhagwan.org

View this page in AR App

# જાદુગર અને સાધુ

આશરે સો એક વર્ષ પહેલાંની વાત છે. ભારત દેશમાં એક પ્રતિષ્ઠિત જાદુગર હતો. તેની જાદુની વિદ્યા ક્યારેય પણ નિષ્ફળ ગઈ ન હતી.

એક દિવસ જાદુગર બપોરના સમયે પોતાના મિત્રો સાથે બેસીને ગપ્પા મારી રહ્યો હતો, એ જ સમયે એક પ્રતાપી સાધુ હાથમાં ભિક્ષા પાત્ર લઇને ત્યાંથી પસાર થઈ રહ્યા હતા.

જાદુગરને સાધુની મજાક કરવાની કુમતિ સૂઝી, અને એણે મિત્રો સામે જોઈને કહ્યું કે,

''જુઓ આ સાધુ તો પાત્રમાં માંસ લઇને જાય છે.'' એમ કહીને એ મનમાં મંત્ર બોલવા લાગ્યો.

મિત્રો ગુસ્સામાં આવીને બોલ્યા, ''શા માટે તમે આવા પૂજનીય સાધુ પર લાંછન લગાવો છો?''

'' લાંછન નથી લગાવતો, સાચું જ કહું છું. તમે જાતે જ જઈને જોઈ લો ને?'' જાદુગર ગુમાનમાં બોલ્યો.

મિત્રોએ સાધુને આગળ જતાં રોકીને કહ્યું,

''માફ કરજો મહારાજ, પણ અમને તમારા ભિક્ષાપાત્રમાં શું છે એ જોવું છે.''

''કેમ?'' સાધુએ નમ્રતાથી પૂછ્યું.

View this page in AR App

**જુઓ આ સાધુ તો પાત્રમાં માંસ લઈને જાય છે. એમ કહીને એ મનમાં મંત્ર બોલવા લાગ્યો.**



''કારણ કે, અમારો પેલો જાદુગર મિત્ર કહે છે કે એ પાત્રમાં માંસ છે.'' મિત્રોએ ખચકાતાં કહ્યું.

સાધુ મહારાજ કઠોર સ્વરે બોલ્યા, ''અરે, અધર્મીઓ! સાધુ ઉપર શંકા કરવાથી ભયંકર દોષ બંધાય છે, આ પાપમાંથી ક્યારે છૂટશો, કોને ખબર? ઠીક હવે આવ્યા છો તો જોઈ લો આ પાત્ર.''

મિત્રોએ પાત્રમાં જોયું તો, એમાં માંસને બદલે દાળ, રોટલી, ફળ જેવી નિર્દોષ ભિક્ષા જ હતી. એટલે એ બધાં ખૂબ ક્ષોભ અનુભવવા લાગ્યા અને સાધુ મહારાજની માફી માંગી બધા પાછા ફર્યા.

જાદુગર તો પોતાના જાદુની જીતના સમાચાર સાંભળવા ખુરશી ઉપર પગ લાંબા કરીને બેઠો હતો.

''અરે વાહ, આવી ગયા તમે બધા?, બેસો..બેસો..''

''અરે! શું બેસે? આજે તો તમે અમને બહુ મોટા દોષમાં પાડ્યા. ખબર છે સાધુ મહારાજ કેવા ગુસ્સે થયા? પાત્રમાં તો શાકાહાર અને ફળ જ હતાં.''

''એમ? ઠીક, હું તો મશ્કરી કરતો હતો.'' એમ બોલીને જાદુગર મનમાં પોતાની નિષ્ફળતાનું કારણ વિચારવા લાગ્યો, પણ કાંઈ સમજાયું નહીં, કેમ કે, આ જ મંત્રથી અગાઉ તેણે ઘણી વસ્તુઓની અદલા-બદલી કરી હતી.

''ઠીક છે ભાઈઓ, આવજો.'', કહેતાં જાદુગર ખુરશી ઉપરથી ઊભો થવા ગયો,


પણ, અચાનક આ શું થયું??!!

જાદુગર ખુરશીમાં જ ચોંટી ગયો હતો, વધુ જોર લગાડવા ગયો ત્યાં જમીનદોસ્ત થઈ ગયો. બધા મિત્રોએ ખૂબ કોશિશ કરી તોય ખુરશી સાથે ચોંટી ગયેલો જાદુગર ઉખડ્યો જ નહીં. જાદુગરની હાલત તો કાપો તો લોહી ન નીકળે એવી થઈ ગઇ હતી

**"જરૂર મારી મશ્કરીની સજા સાધુ મહારાજે મને આપી છે, એમના સિવાય મને હવે બીજું કોઈ નહીં છોડાવી શકે. મને હમણાં જ એમની પાસે લઈ જાઓ."**

અચાનક જાદુગરના મગજમાં ચમકારો થયો અને તે બોલ્યો, ''જરૂર મારી મશ્કરીની સજા સાધુ મહારાજે મને આપી છે, એમના સિવાય મને હવે બીજું કોઈ નહીં છોડાવી શકે. મને હમણાં જ એમની પાસે લઈ જાઓ.''

ચારેય મિત્રો ખુરશીને ચાર પાયાથી ઉપાડીને જાણે જાદુગર ડોલીમાં બેઠો હોય તેમ વરઘોડો લઈને સાધુ પાસે પહોંચ્યા. સાધુ મહારાજને જોતાં જ, એમનું તેજ જોઈને એની આંખોમાંથી આંસું સરી પડ્યા.



‘‘મહારાજ, હું તમારા ચરણોમાં પડું છું, મહેરબાની કરીને મને છોડાવો. મને માફ કરી દો.’’

સાધુએ ખૂબ જ કરુણા અને પ્રેમથી જાદુગરને કહ્યું, ‘‘ભાઈ, ક્યારેય કોઈ પણ ધર્મના સાધુની તમે મશ્કરી નહીં કરતા. જેમને પોતાના માટે કંઈ જોઈતું નથી, જેઓ જગતના કલ્યાણ માટે જ જીવે છે અને જેમનું જીવન આત્માની શોધ માટે જ છે, તેવા સાધુઓથી મોટા કોઈ જાદુગર હોઈ શકે?? આવી મશ્કરી કરવાને બદલે કોઈની સેવા માટે કે દીનદુઃખિયાના દુઃખ દૂર કરવા માટે તમારી જાદુઈ કળા વાપરશો તો લોકોના આશીર્વાદ મળશે અને ક્યારેય પણ મુશ્કેલીમાં નહિ ફસાઓ.’’

‘‘જી મહારાજ, આજે મને સમજાઈ ગયું કે સાધુ-સંતો-ફકીરો-ગુરુ-ફાધર કે કોઈ જ્ઞાનીની ક્યારેય મશ્કરી કે અપમાન ન કરવું જોઈએ.’’

ત્યારબાદ સાધુ મહારાજે મંત્રિત જળનો છંટકાવ કરતાં જ જાદુગર ખુરશીથી મુક્ત થઇ ગયો અને સીધો તે સાધુના ચરણોમાં નમી પડ્યો.

*તો મિત્રો, આ વાર્તામાં વાંક કોનો છે? તમને શું લાગે છે? કોણે પવિત્ર સાધુ પર આંગળી ઊઠાવી, એમની નિંદા કરી એમને નારાજ કર્યા? તમને પણ જાદુગરનો જ વાંક દેખાયો હશે, ખરું ને?? પણ ફરીથી વિચારો. જાદુગરે સાધુ પર આક્ષેપ મૂક્યો. પછી, એના મિત્રોએ સાધુનું ભિક્ષાપાત્ર તપાસ્યું એ મિત્રનો કોઈ વાંક નથી? કારણ વગર કોઈ ધર્મગુરુ પર શંકા કરવી જેટલું જોખમી છે તેટલું જ જોખમી એવી વાતોને સાચી માની એમનો અવિનય કરવો તે છે. આપણા જીવનમાં પણ આવા થયેલાં દોષોને આપણે ભૂલી જઈએ છીએ અને એનો પસ્તાવો કે પ્રત્યાખ્યાન ક્યારેય કરીએ છીએ ?*

**તો ચાલો, આજે પંદર મિનિટ કાઢીને એ બધા પ્રસંગોને યાદ કરીએ જેમાં તથ્ય વગરના અને ખોટા આક્ષેપોના આધારે આપણે કોઈ પણ ધર્મના સાધુ, સાધ્વી, ઉપદેશક કે આચાર્યની નિંદા કરી હોય કે એમને નારાજ કર્યા હોય કે એમનું અપમાન કર્યું હોય. તો એમની અંદર બેઠેલા ભગવાનની પાસે આ દોષોની માફી માંગીએ અને નિશ્ચય કરીએ કે આવી ભૂલો ફરી ક્યારેય નહિ કરીએ. સાથે નક્કી કરીએ કે ત્રીજી કલમ રોજ બોલીશું અને આ નિશ્ચયને વળગી રહીશું.**

# વિરાધનાનું પરિણામ

કોઈ સાધુ કે ધર્મગુરુની વિરાધના કરવાનું પરિણામ કેટલું ભયંકર આવી શકે છે એ આપણે જૈન રામાયણના એક દ્રષ્ટાંતથી સમજીએ. સીતાજી તેમના પૂર્વભવમાં દેવલોકમાં હતા. પરંતુ તેના પણ આગળના ભવમાં તેમનું નામ વેદવતી હતું અને તેઓ શ્રીભુતી નામના એક જૈનધર્મી પૂજારીના પુત્રી હતા. એકવાર તેમના નગરમાં સુદર્શન નામના મુની પધાર્યા, જે નગરની બહાર વનમાં રોકાયા હતા. સુદર્શન મુનિની બહેન અર્જીકા, પોતાના ભાઈ પાસે ધર્મ સાંભળવા ગયા. અર્જીકાને મુનિરાજ સુદર્શન પાસે ધર્મ સાંભળતાં જોઈ વેદવતીને તેમના ચારિત્ર ઉપર શંકા થઈ અને તેમણે નગરના લોકો પાસે નિંદા કરી કે મેં મુનિરાજ સુદર્શનને એકલી સ્ત્રી પાસે બેઠેલા જોયા છે. આખા નગરમાં આ વાત આગની જેમ ફેલાઈ ગઈ. કેટલાંક લોકોએ આ વાત માની, કેટલાક લોકોએ ન માની. જયારે મુનિને આ વાતની જાણ થઈ ત્યારે તેમણે પ્રતિજ્ઞા લીધી કે, ‘આ જૂઠો આક્ષેપ દૂર ન થાય ત્યાં સુધી હું આહાર ગ્રહણ નહિ કરું.’ મુનિના શીલના પ્રભાવને કારણે નગરના રક્ષક દેવી પ્રગટ થયા અને તેઓએ વેદવતી પાસે આખા નગર સમક્ષ કબૂલાત કરાવડાવી કે મેં મુનિ ઉપર જૂઠો આક્ષેપ કર્યો હતો. એ તો ભાઈ-બહેન છે. વેદવતીને પોતાની ભૂલનો ખૂબ પસ્તાવો થયો. આથી તેમણે મુનિ પાસે જઈને ખરા હૃદયથી ક્ષમા માંગી.

આ રીતે પૂર્વભવમાં મુનિરાજ પર આક્ષેપ કરવાથી વેદવતીને સીતા તરીકેના ભવમાં રાવણ સાથે રહેવાનો આક્ષેપ આવ્યો અને ખૂબ જ પસ્તાવો કરીને મુનિની ક્ષમા માગી હતી તેથી તેઓ આ આક્ષેપથી મુક્ત થયા.

માટે કદી પણ ધર્મગુરુ કે ધર્મમાર્ગી ઉપદેશક કે ગુરુની નિંદા ન કરવી



# બૂમરેંગ

બૂમરેંગથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. આપણે બૂમરેંગને ફેંકીએ તો એ ફરીને આપણી પાસે પાછું આવે છે અને જો ધ્યાન ચૂક્યાં તો એ આપણને જ અથડાઈ જાય છે.

મોટા ભાગના લોકોને કુદરતી રીતે જ નેગેટિવ વિચારો આવતા હોય છે જ્યારે પોઝિટિવ વિચારવા માટે પ્રયત્ન કરવો પડતો હોય છે. નેગેટિવિટીના પરિણામો તરત જોઈ શકાતાં નથી અને કદાચ એટલે જ આપણે સમજી શકતાં નથી કે એ ઝેર જેવું કામ કરે છે. જે વ્યક્તિઓ નેગેટિવ વૃત્તિવાળા હોય છે તેમને આનાથી હાનિ પહોંચે છે, એક બૂમરેંગની જેમ.

જે વ્યક્તિને આધ્યાત્મિક ક્ષેત્રે કે જીવનના બીજા કોઈપણ ક્ષેત્રમાં આગળ વધવું હોય તો એણે એ ક્ષેત્રમાં પોતાનાથી ઊંચા સ્તરની વ્યક્તિઓના મંતવ્યોનું માન રાખવું જ જોઈએ. એ જ કારણસર કોઈપણ ધર્મના સાધુ- સાધ્વીઓનો અને એમની એમના ધર્મ પ્રત્યેની શ્રધ્ધા માટે આપણે વિનય રાખવો જોઈએ. તેઓ જે કરે છે કે કહે છે એ આપણને સ્વીકાર્ય ન હોય તો એ કદાચ ચાલે પણ એના કારણે એમનો અનાદર કરવાનો આપણને કોઈ હક નથી. એમની સાથે અવિનય કરનારને અવશ્ય હાનિ પહોંચે છે.

માટે કોઈનામાં રહેલા નેગેટિવ ભાગની અવગણના કરીને એમનામાં કંઈક પોઝિટિવ શોધી લઈશું તો કર્મનું બૂમરેંગ આપણને સામે પોઝિટિવ જ લાવી આપશે જે આપણી પ્રગતિનું મોટું કારણ બની જશે.

આપણે આગળની વાર્તાઓમાં પણ જોયું કે સીતામાતાએ જે વિરાધના કરી અને જાદુગરે પોતાની સિદ્ધિનો જે દુરુપયોગ કર્યો, તો અંતે તેમના માટે એ બૂમરેંગ જેવું જ સાબિત થયું ને!



View this page in AR App



# જ્ઞાની વિથ
# યુથ

**પ્રશ્નકર્તા :** આ વખતે અમારો સમર કેમ્પ ૯ કલમો પર હતો એમાં ત્રીજી કલમ કે '*હે દાદા ભગવાન મને કોઈપણ દેહધારી સાધુ, સાધ્વી કે આચાર્યનો અવર્ણવાદ અપરાધ અવિનય ન કરવાની પરમ શક્તિ આપો*'નું મહત્ત્વ શું છે? કોઈ સાધુ, સાધ્વી કે આચાર્યનો અવર્ણવાદ, અપરાધ, અવિનય કરવાથી શું થાય ?

**પૂજ્યશ્રી :** આ નવ કલમ શું શીખવાડે છે કે ક્યારેય આપણાથી મિત્ર મંડળ સાથે કે ઘરમાં કે ઓફિસમાં કે સ્કૂલોમાં વાતચીત દરમિયાન '*પેલા સાધુએ આમ કર્યું*', 'આ લોકો આવા છે', 'આ ધર્મવાળા આવા છે', કંઈ કોઈનું ઊંધું બોલાઈ ગયું હોય તો એ દોષ કહેવાય. નવ કલમો બોલવાથી આપણે આપણો અભિપ્રાય બદલ્યો કહેવાય. 'મારી જિંદગીમાં મારે કોઈનો અવર્ણવાદ કરવો નથી, અપરાધ કરવો નથી, ઊંધું બોલવું નથી, અવિનય કરવો નથી, આ બધી ભૂલો કરવી નથી.' એવું નક્કી કરીએ છીએ, અભિપ્રાય ફેરવીએ છીએ કે આ ખોટું છે, આવું ન કરવું જોઈએ. એટલે આ

ન બોલોને તો પહેલાં દોષો થયા જ રાખતા હોય, ગુનાઓ ચોંટ્યા જ કરે, બોલાતું જ રહેતું હોય. આ બોલોને એટલે ગુનાઓ બંધાતા અટકી જાય

**પ્રશ્નકર્તા :** એના પરિણામ શું આવે ?

**પૂજ્યશ્રી :** આવું બોલવાથી દોષો ધોવાઈ જાય. ન બોલવાથી દોષો ઊભા રહે અંતરાય પડે કોઈ સાચા જ્ઞાની હોય અને બોલાઈ જાય તો કેટલા મોટા અંતરાય પડે. આ એ એમના ધર્મના ભક્તો માટે સારા જ છે એનું ઊંધું બોલો એટલે આપણે જે ધર્મમાં પ્રગતિ કરવી હતી. એમાં અંતરાય પડે.

**પ્રશ્નકર્તા :** અને દાદાશ્રીએ કહ્યું છે ને કે મોક્ષમાર્ગમાં અંતરાય પડે એ કયા અંતરાય પડે છે?

**પૂજ્યશ્રી :** બીજાના દોષો જુઓ એટલા આત્માથી ઊંધા જાઓ છો એની અંદરેય આત્મા છે એના વ્યૂ-પોઈન્ટથી એ સાચા છે. કોઈની ભૂલ કાઢવા જેવું નથી, તો આત્મા તરફ જઈશું. આપણે આત્મા તરફ આવવામાં અંતરાય પડે. ઊંધું બોલવાથી આત્મામાં પાછું ન અવાય દાદા નિરંતર આત્મા રૂપે રહી શકે છે એમણે બધી વિરાધના અપરાધ બધા દોષો ધોઈ નાખ્યા હતાં, તો આત્મા રૂપે રહેવાયું.



**દોષો રહેશે તો આત્માની બહાર આવવું પડશે. દોષો ધોયા પછી આત્મામાં રહેવાશે.**

View this page in AR App

# પૂજ્યશ્રી... સાથે ડિસ્કશન







View this page in AR App





પૂજ્યશ્રીના બધા પિક્ચર્સ જોયા પછી તેમના વર્તનમાં તમને સામાન્ય( કોમન ) શું જણાયું?

અન્ય ધાર્મિક ગુરુઓ પ્રત્યેની એમની નમ્રતા, આદર, સન્માન અને લઘુત્તમતા કેવી છલકાય છે!

પૂજ્યશ્રી આત્મજ્ઞાની અને પ્યોરીટીની સાક્ષાત મૂર્તિ સમાન હોવા છતાં, જો અન્ય આધ્યાત્મિક આગેવાનો પ્રત્યેના પોતાના વિનય અને આદરમાં જરાપણ વિચલિત ન થતાં હોય, તો આપણે પણ એમના દ્રષ્ટાંતને અનુસરીને સર્વ ગુરુઓનો આદર કેમ ન કરીએ !?

તો ચાલો, આપણે પણ જીવનમાં ક્યારેય કોઈ ધાર્મિક સાધુ-સંત કે ઉપદેશકોનો અનાદર કર્યો હોય, એમને ઉતારી પાડ્યા હોય કે એમની મજાક-મશ્કરી કરી હોય, તો એ બધાની ક્ષમા માંગીએ અને પૂજ્ય દાદાશ્રીની ત્રીજી કલમનો નિયમિત રીતે પાઠ કરતાં પ્રતિજ્ઞા લઈએ કે ફરીવાર ક્યારેય આવું નહી કરીએ.

# અનુભવોની
## આપ-લે

જ્યારે અમે આ અંકના વિષય તરીકે પૂજ્ય દાદાશ્રીએ આપેલ ત્રીજી કલમ પસંદ કરી ત્યારે બધાએ નક્કી કર્યું કે, અમે સહુ ત્રીજી કલમને રોજ ૨૦ વાર બોલીશું અને પોતાના અનુભવોની આપ-લે કરીશું.

એક મહિના પછી અમે સાધુ, સાધ્વી અને સંતો માટેના અમારા ભાવોમાં ઘણાં પોઝિટિવ ફેરફારો અનુભવવા લાગ્યા. આ અનુભવો અમે બીજાઓને પણ જણાવવા માંગતા હતા, જેથી કરીને અમને આનાથી જે લાભ મળ્યો, એ તેઓ પણ પામે. અમારી ટીમના મિત્રોના થોડા અનુભવો નીચે મુજબ છે:

જ્યારથી મેં આ ત્રીજી કલમ બોલવાની શરૂઆત કરી ત્યારથી મને સમજાવા લાગ્યું કે ટી.વી. પરના સમાચારો તથા વિડીઓ જોઇને, સાધુઓ માટે હું જે નેગેટિવ કોમેન્ટ્સ આપતી હતી તે મારો દોષ હતો. આ સમજણને લીધે મને એ ફાયદો થયો કે હું આવી નેગેટિવિટીથી હવે દૂર રહી શકું છું. અને આ લાભ હું ક્યારેય છોડવા નથી માંગતી.





હું વર્ષોથી દાદાશ્રીના જ્ઞાનને દ્રઢપણે માનતી હતી. હંમેશાં દાદાશ્રીના જ્ઞાનની સરખામણીએ બધા સંતો, ગુરુઓ અને તેમના શાસ્ત્રો ઉતરતી કક્ષાના લાગતા. ફેમિલીમાંથી કોઈ મને બીજા સંતોને સાંભળવાનું કહેતાં તો અકળામણ થઈ જતી. પણ, જ્યારથી ત્રીજી કલમ બોલવાની શરૂઆત કરી ત્યારથી બીજા સંતો, ધર્મગુરુઓ અને તેમના શાસ્ત્રો સાંભળવાની પરિસ્થિતિ ઊભી થાય ત્યારે અકળામણ કે એમનાં માટે હીનતાની લાગણીને બદલે એવું લાગે છે કે તેઓ પોતાની રીતે યોગ્ય જ છે. અને તેમના માટે ભાવ બગડે તો ફરી કલમ ૩ બોલીને દાદા પાસે શક્તિ માગી લઉં છું.



અમે ત્રીજી કલમ બોલવાની શરૂઆત કરી એ પછી એક દિવસ મારે, મારા કુટુંબ સાથે જામનગરના ત્રિમંદિરની પ્રાણપ્રતિષ્ઠા માટે જવાનું થયું. ત્યારે અમારા સગા એવા એક સાધ્વીજીની મુલાકાત લીધી. પહેલાં મને એમ જ લાગતું કે, મને તો શ્રેષ્ઠ જ્ઞાન મળી ગયું છે એટલે મારે બીજે ક્યાંય જવાની જરૂર નથી. પણ હું જ્યારે એમને ખુલ્લા મન સાથે મળી ત્યારે મને એમના વિચારો સાચા છે કે ખોટા છે એવું ન થતાં, એવું લાગ્યું કે તેઓ પોતાના દ્રષ્ટિકોણથી સાચા જ છે. અને હું એમના વિચારોનો અનાદર ન કરી શકું.

View this page in AR App

# #કવિતા

કોઈ ભીક્ષાં માંગવા આવ્યું ને એમનું અપમાન થઈ ગયું...
એમના વસ્ત્રો તો ભગવા જ હતા મારાથી કાળું કામ થઈ ગયું...

કોઈ કથા જ કરતું હતું ને, અમસ્તા એમની મસ્તી થઈ ગઈ...
એમનો વિનય તૂટ્યો ને, મારી જાત થોડી સસ્તી થઈ ગઈ..

ના ના એ ખોટા ન્હોતા, બસ એમનો ધરમ જુદો હતો..
કોઈએ ટોપી પેરી કોઈએ ચાંદલો કર્યો, ઝઘડવાનો આ મુદ્દો હતો..

આવા તો કેટલાય સંતો પ્રત્યે કેટલીયે ભુલ થઈ ગઈ...
અફસોસ પણ થયો ન થયો ને જીંદગી કામમાં મશગુલ થઈ ગઈ..

એવું નથી આ વાત અમને કોઈએ ક્યારેય સમજાવી નથી...
તોયે કોણ જાણે કેમ? આ વાત એટલી ધ્યાન માં આવી નથી...

પરિણામ જાણતા સમજાયું, અવિનય થી કેટલા દોષ થાય છે..
દાદાએ અરીસો શું બતાડ્યો?, પોતાની જાત પર રોષ થાય છે...

ભુલો થઈ જે અજાણે, હવે પસ્તાવે ધોઈ દેવી છે...
કોઈ સાધુ નો અપરાધ થયો જો , દિલથી માફી માંગી લેવી છે..

View this page in AR App

દાદાના યુવાનો દ્વારા

Get ready to Win This

# The power of 9 QUIZ CONTEST

Exciting Prizes to be Won

9 Kalams

9 Akram Youth

15 Questions For Every Month

# Today's Youth App

**The Official App of Dada Bhagwan Youth Group**

for visiting youth.dadabhagwan.org

for downloading Free PDF of **Akram Youth magazine**

for **Subscribing** to Akram Youth Magazine

to play **The Power of 9 QUIZ**

and much more...

Youth

Scan here to Download App

ANDROID APP ON Google play

Download on the App Store

View this page in AR App

વર્ષ: ૭, અંક : ૧૦
સળંગ અંક : ૮૨
ફેબ્રુઆરી ૨૦૨૦

Date of Publication 22nd of every month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/ valid upto 31.12.2022
Licensed to Post without Pre-payment
No. PMG/HQ/104/2020-2022
valid upto 31.12.2022
Posted at Adalaj Post Office on
22nd of every month

# The First
## Augmented Reality Magazine
# Akram Youth AR App

View this page in AR App

## Good News
**for Everyone**
Akram Youth AR
in just **30** mb



**1 Step**
Download Akram Youth AR App

**2 Step**
Download magazine pack of desired Issue

**3 Step**
View this magazine through the App

**For details, watch the intro video in the app.**

http://tiny.cc/akramyouthar

**Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org**
Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.
Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.